પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૨૨ | ૧૧ જુલાઈ, ૨૦૨૩, મંગળવાર; અષાઢ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ઉત્તર-પશ્ચિમી રાજ્યોમાં વરસાદી આફત

## ૫૦થી વધુનાં મોત : ઉત્તર અને પશ્ચિમ ભારતમાં ભારે વરસાદે તબાહી મચાવી : દેશભરમાં મુશળધાર વરસાદને કારણે ભૂસ્ખલન, આભ ફાટવા, મકાન ધરાશાયી થવા, વૃક્ષો પડવા અને વીજળી પડવા જેવી ઘટનાઓથી ભારે તબાહી







નવી દિલ્હી, તા.૧૦

ઉત્તર અને પશ્ચિમ ભારતમાં ભારે વરસાદે તબાહી મચાવી છે. હિમાચલ પ્રદેશ સહિતના પહાડી રાજ્યોને સૌથી વધુ નુકસાન થયું છે. છેલ્લા ૨૪ કલાકમાં મુશળધાર વરસાદને કારણે ભૂસ્ખલન, આભ ફાટવા, મકાન ધરાશાયી થવા, વૃક્ષો પડવા અને વીજળી પડવા જેવી ઘટનાઓથી અત્યાર સુધીમાં લગભગ ૫૦ લોકોના મોત થઈ ચૂક્યા છે.

યમુના નદી ચેતવણીના સ્તરને પાર પહોંચવાની તૈયારીમાં છે. બપોરે ૨ વાગ્યે જૂના રેલવે બ્રિજ પર નદીનું જળસ્તર ૨૦૪.૮૮ મીટર નોંધાયું હતું. નદીનું જોખમ સ્તર ૨૦૫.૩૩ મીટર છે. બપોરે ૨ વાગ્યે હથનીકુંડ બેરેજમાંથી ૨,૧૩,૬૭૯ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. હિમાચલ પ્રદેશના વિક્ટોરિયા બ્રિજ અને પંચવક્ત્ર મંદિરની આસપાસના મંડીના ભયાનક દ્રશ્યો જોવા મળ્યા હતા.ગુજરાતમાં સવારે ૬ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ૧૦૭ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સાબરકાંઠાના તલોદમાં અને મહીસાગરના લુણાવાડા સૌથી વધુ ૪-૪ ઈંચ વરસાદ વરસ્યો છે. હિમાચલ પ્રદેશમાં મોડી રાત્રે બચાવ કામગીરીમાં, ટીમે મંડી જિલ્લાના નાગવૈન ગામ નજીક બિયાસ નદીમાં વરસાદ પછી નદીના જળસ્તરમાં વધારો થવાને કારણે ફસાયેલા ૬ લોકોને બચાવ્યા.

## દેશભરમાં વરસાદને કારણે હાહાકાર

### નદીઓ ગાંડીતૂર, રસ્તા પાણીમાં ગરકાવ : ઉત્તરાખંડના ઘણા જિલ્લાઓમાં હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે

નવી દિલ્હી, તા.૧૦

દેશભરમાં વરસાદને કારણે હાહાકાર મચી ગયો છે. છેલ્લા કેટલાક દિવસોથી મુશળધાર વરસાદે જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. સોમવારે ૧૦ જુલાઈએ રાષ્ટ્રીય રાજધાનીમાં ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન વરસાદમાં ૧૫



ઈમારતો ધરાશાયી થઈ છે. અનેક સાંસદોના ઘરોમાં પાણી ઘૂસી ગયા છે. દિલ્હીના ગાઝિયાબાદમાં આજે શાળાઓ બંધ રાખવામાં આવી છે. ગુરુગ્રામમાં વરસાદને કારણે લોકોની હાલત દયનીય છે. ઉત્તરાખંડના ઘણા જિલ્લાઓમાં હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

દેહરાદૂનના શિમલા બાયપાસ ચોક પાસે આવેલા રામગઢ ગામના. વીડિયોમાં વરસાદી નદીના ઝડપી વહેતા પાણીમાં ફસાયેલી બસમાંથી મુસાફરો સુરક્ષિત રીતે બહાર નીકળવાનો પ્રયાસ કરતા જોવા મળે છે. હકીકતમાં, હિમાચલ રોડવેઝની ચંદીગઢથી હરિદ્વાર જઈ રહેલી મુસાફરોથી ભરેલી બસ વરસાદી નદીમાં પાણી આવવાને કારણે ફસાઈ ગઈ હતી. બસમાં બેઠેલા મુસાફરોએ બસની છત પર ચઢીને અને પછી સલામત સ્થળે કૂદીને પોતાનો જીવ બચાવ્યો હતો. કસોલમાં રસ્તાના કિનારે હાઈવે પર વાહનો પાર્ક કરેલા હતા. આ દરમિયાન પાર્વતી નદીમાં પૂર આવ્યું હતું. લોકો કંઈ સમજે કે વાહનો હટાવે તે પહેલા ધમસમતા આવેલું નદીનું વહેણ તમામ વાહનોને ખેંચી ગયું હતું. આ જ રીતે મંડીમાં પૂરમાં કુલ્લુ-બંજાર-લુહરી-રામપુરાને જોડતો ૫૦ વર્ષ જૂનો પુલ પણ પાણીમાં વહી ગયાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જ્યારે આ પુલ વહી રહ્યો હતો, ત્યારે લોકોની ચીસોની પણ અવાજો સંભળાઈ રહી છે.

પહાડોની સાથે મેદાની વિસ્તારોમાં પણ મેઘ તાંડવના દ્રશ્યો સામે આવ્યા છે. પંજાબ, હરિયાણા, દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં પણ વરસાદે તબાહી મચાવી છે. ગુરુગ્રામની નજીકના વિસ્તારોમાં ભારે પાણી ભરાઈ ગયા છે.

## કુદરતી આફતો સામે રામમંદિર ૧૦૦૦ વર્ષ સુધી અડગ રહેશે

### રામમંદિર ટેક્નોલોજીની દ્રષ્ટીએ પણ અવ્વલ : મંદિરના નિર્માણમાં ક્યાંય પણ લોખંડનો ઉપયોગ કરાયો નથી, મંદિરનો પાયો ભૂકંપ પ્રતિરોધક ક્ષમતા ધરાવે છે

અયોધ્યા, તા.૧૦

શ્રી રામ જન્મભૂમિ સંકુલમાં નિર્માણાધીન રામ મંદિર માત્ર ભવ્યતા જ નહીં પરંતુ ટેકનોલોજીની દ્રષ્ટિએ પણ ટોચ પર રહેશે. રામ મંદિરના નિર્માણ માટે કાર્યકારી સંસ્થાના એન્જિનિયરોએ દાવો કર્યો છે કે રામ મંદિર ૮.૦ રિક્ટર સ્કેલની તીવ્રતાના ભૂકંપ સામે પણ સુરક્ષિત રહેશે. મંદિરને કુદરતી આફતોથી બચાવવા માટે ખાસ ટેકનિકનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેના કારણે રામ મંદિર ઓછામાં ઓછા એક હજાર વર્ષ સુધી અડગ રહેશે. મંદિરના નિર્માણમાં ક્યાંય પણ લોખંડનો ઉપયોગ કરવામાં આવ્યો નથી.

એક્ઝિક્યુટિવ બોડી એક એન્જિનિયરે કહ્યું કે રામ મંદિરનો પાયો ભૂકંપ પ્રતિરોધક ક્ષમતા ધરાવે છે. સીબીઆરઆઈ રૂરકી અને ચેન્નઈના વૈજ્ઞાનિકોએ રામ મંદિરને ભૂકંપ પ્રૂફ બનાવવા માટે વિશેષ સંશોધન કર્યું છે. રામ મંદિરને એક સુરક્ષિત માળખું જાહેર કરવામાં આવ્યું છે જે આઠ રિક્ટર સ્કેલ પર ભૂકંપના આંચકાનો સામનો કરી શકે છે. આ મંદિર ૭૦ ફૂટ ઊંડા પથ્થરોના ખડક પર આકાર લઈ રહ્યું છે. મંદિરના પાયામાં કર્ણાટકના ગ્રેનાઈટ પત્થરોનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે પાણીના પ્રવાહને સહન કરવાની ક્ષમતા ધરાવે છે. મંદિરના નિર્માણમાં દેશની આઠ જાણીતી ટેકનિકલ એજન્સીઓની મદદ લેવામાં આવી છે. મંદિરનો પાયો લગભગ ૫૦ ફૂટ ઊંડો છે. તેની ઉપર ૨.૫ ફૂટનો રાફ્ટ બનાવવામાં આવ્યો છે. રાફ્ટની ઉપર ૨૧ ફૂટ ઉંચો પ્લિન્થ બનાવવામાં આવ્યો છે. મંદિર પ્લીન્થ ઉપર આકાર લઈ રહ્યું છે.

## શિવસેનાના ચિહ્નને મામલે સુપ્રીમમાં ૩૧મીએ સુનાવણી

### શિવસેનાના ચિહ્ન મામલે ઉદ્ધવ જૂથ દ્વારા અરજી

મુંબઈ, તા.૧૦

શિવસેનાના ચિહ્નને લઈને ઉદ્ધવ જૂથ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર વહેલી સુનાવણીની માંગ પર સુપ્રીમ કોર્ટે ૩૧ જુલાઈએ સુનાવણીનો આદેશ જાહેર કર્યો છે. ઉદ્ધવ જૂથે ચૂંટણી પંચના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. ચૂંટણી પંચે શિંદે જૂથને ધનુષ-બાનના ચૂંટણી ચિહ્ન અને પક્ષ પર અધિકારો આપ્યા હતા, જેને ઠાકરે જૂથ દ્વારા પડકારવામાં આવ્યો છે.

૧૫ માર્ચે ચૂંટણી પંચે શિવસેના ચૂંટણી ચિન્હ કેસમાં એસસીમાં એફિડેવિટ દાખલ કરી હતી. એકનાથ શિંદે જૂથને ચૂંટણી ચિન્હ આપવાનો નિર્ણય કાયદા અનુસાર જણાવતા કહ્યું કે, એકનાથ શિંદેને ચૂંટણી ચિન્હ આપવાનો નિર્ણય યોગ્ય અને કારણો સાથે આપવામાં આવ્યો છે. નિષ્પક્ષતા ન રાખવાના ઉદ્ધવ ઠાકરેના આક્ષેપો પાયાવિહોણા છે. પંચ દ્વારા આ નિર્ણય વહીવટી સ્તરે નહીં પણ બંધારણીય સ્તરે લેવામાં આવ્યો છે. આ નિર્ણય નિયમો હેઠળ અર્ધ-ન્યાયિક સંસ્થા તરીકે લેવામાં આવ્યો છે, તેથી ચૂંટણી પંચને આ મામલે પક્ષકાર બનાવી શકાય નહીં, તેથી કેસના ગુણદોષ પર તેને કંઈ કહેવાનું નથી.

## મણિપુરની હિંસામાં પોલીસ કર્મીનું મોત, ૧૦થી વધુ ઘાયલ

### મણિપુરના પશ્ચિમી કંગપોકપી વિસ્તારમાં અથડામણો : ગોળીબાર કંગપોકલી જિલ્લાના કાંગચુપ વિસ્તારના ગામો-પહાડી વિસ્તારોને નિશાન બનાવીને કરવામાં આવ્યો

ઈમ્ફાલ, તા.૧૦

મણિપુરના પશ્ચિમી કંગપોકપી વિસ્તારમાં આખીરાત હિંસક અથડામણો ચાલી હતી, ત્યારબાદ આજે એક પોલીસ કર્મચારીનું મોત નિપજ્યું હોવાના અહેવાલો સામે આવ્યા છે. આ ઘટનામાં ૧૦ અન્ય લોકો પણ ઈજાગ્રસ્ત થયા છે. એક અધિકારીએ આ માહિતી આપી છે. તેમણે કહ્યું કે, વહેલી સવારે ૩.૦૦ વાગ્યાથી ૬.૦૦ વાગ્યા સુધી શાંતિ રહી હતી, જોકે ત્યારબાદ ફેયેંગ અને સિંગદા ગામમાં ધડાધડ ગોળીબારનો અવાજો સંભળાયો હતો. અધિકારીએ જણાવ્યું કે, આ ગોળીબાર કંગપોકલી જિલ્લાના કાંગચુપ વિસ્તારના ગામો અને પહાડી વિસ્તારોને નિશાન બનાવીને કરવામાં આવ્યો... આસામ રાઈફલ્સ ૨ ગામો વચ્ચે 'બફર ઝોન'નું સંચાલન કરે છે. અધિકારીઓએ પણ સામસામે આવી ચઢેલી જૂથોમાં જાનહાનિ થઈ હોવાનું જણાવ્યું છે. તેમણે કહ્યું કે ગોળીબાર બંધ થયા પછી જ પરિસ્થિતિ વિશે સાચી માહિતી જાણી શકાશે. મણિપુરમાં અનુસૂચિત જનજાતિ (એસટી)નો દરજ્જો આપવાની મેઈતી સમુદાયની માંગના વિરોધમાં

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીરના ડોડામાં ૫.૪ની તિવ્રતાનો ભૂકંપ

જમ્મુ, તા.૧૦

જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લામાં ફરી એકવાર ભૂકંપનો આંચકો અનુભવાયો હતો જેને લીધે લોકો ફફડી ઊઠ્યા હતા. આ વખતે વહેલી સવારે ૫.૩૮ વાગ્યાના સુમારે ધરા ધ્રૂજી હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા આ માહિતી આપવામાં આવી હતી. સદભાગ્યે કોઈ જાનહાનિ થઈ નથી. જૂનથી અત્યાર સુધીની વાત કરીએ તો છેલ્લા એક મહિનામાં જમ્મુ-કાશ્મીરના ડોડામાં જ આવેલો આ ૧૨મો ભૂકંપ હતો. આ વખતે આવેલા ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૧૦ કિ.મી. ઊંડે હતું. સદભાગ્યે અત્યાર સુધી કોઈ જાનહાનીના અહેવાલ આવ્યા નથી.

## ગંગા ઘાટ પર પાણી લેવા જતાં ચાર બાળકો ડૂબ્યા

### શ્રાવણના પ્રથમ સોમવારે જ મોટી દુર્ઘટના : ૨ બાળકોનો બચાવ, બાળકો સ્નાન કરવા ઘાટ પર આવ્યા હતા

કટિહાર, તા.૧૦

પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારે જ બિહારમાં મોટી દુર્ઘટના સર્જાવાના મોટા અહેવાલ સામે આવ્યા છે. બિહારના કટિહાર જિલ્લામાં કાઢાગોલા ઘાસ પાસે સ્નાન દરમિયાન ૬ બાળકો ડૂબ્યા હોવાની ઘટના સામે આવી છે. આ તમામ પૂજા માટે ગંગા ઘાટ પર પાણી લેવા આવ્યા હતા. આ દુઃખદ ઘટના જિલ્લાના બરારી બ્લોકના કાઢાગોલા ગંગા ઘાટ પાસે બની છે. ગંગામાં ડુબેલા ૬ બાળકોમાંથી ૨ બાળકોનો જીવ બચાવી લેવાયો છે, જ્યારે ૪ બાળકોના મોત નિપજ્યા છે. મળતા અહેવાલો મુજબ આ તમામ બાળકો કોઢાગોલા બ્લોકના ખેરિયા ગામમાંથી ગંગા સ્નાન કરવા માટે કાઢાગોલા ઘાટ પર આવ્યા હતા. ઘટના બાદ સ્થાનિક લોકોએ તુરંત તમામ કિશોરોને નજીકના આરોગ્ય કેન્દ્રમાં લઈ ગયા હતા, જેમાંથી ડોક્ટરોએ ૪ બાળકો મૃત જાહેર કર્યા છે.

મૃતકોમાં તરુણ દાસનો પુત્ર શિવમ કુમાર (૧૫ વર્ષ), રતન દાસનો પુત્ર મોહન કુમાર (૧૮ વર્ષ), સંજય દાસનો પુત્ર હર્ષ કુમાર (૧૪ વર્ષ) અને પપ્પુ કુમાર (૧૬ વર્ષ)નો સમાવેશ થાય છે. આ તમામ કોઢા બ્લોકના એક જ ગામમાં રહેતા હતા. ઘટનાની જાણ પોલીસને કરાઈ હતી. ત્યારબાદ બરારીના સીઓ લલન કુમાર મંડલ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમણે આ ઘટના અંગે પૂછપરછ કરી છે. હાલ મૃતદેહો પોલીસને સોંપવામાં આવ્યા છે.

આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ઘટના શ્રાવણના પ્રથમ સોમવારે બની છે. આ તમામ લોકો અહીં પૂજા માટે પાણી ભરવા આવ્યા હતા. કેટલાક લોકોનું કહેવું છે કે, ગંગા નદીમાં પાણી ભરવા દરમિયાન તમામ બાળકો ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આ ઘટનામાં પોલીસે આગળની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## લોન્ચિંગ વ્હીકલ એસએસએલવીને ખાનગી ક્ષેત્રને સોંપવાની તૈયારીઓ

### ઈસરો દ્વારા કામગીરી હાથ ધરાશે : વ્હીકલ ૫૦૦ કિગ્રા વજનના ઉપગ્રહોને લો-અર્થ ઓર્બિટમાં મૂકવા માટેની સેવાઓ પ્રદાન કરે છે

નવી દિલ્હી, તા.૧૦

ટૂંક સમયમાં ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન તેના નાના સેટેલાઈટ લોન્ચ વ્હીકલને ખાનગી ક્ષેત્રને ટ્રાન્સફર કરશે. આ પહેલા, તે રોકેટ દ્વારા બે ડેવલપમેન્ટ ફ્લાઈટ્સ લોન્ચ કરશે, જે ૫૦૦ કિગ્રા વજનના ઉપગ્રહોને લો-અર્થ ઓર્બિટમાં મૂકવા માટેની સેવાઓ પ્રદાન કરે છે.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, સ્પેસ એજન્સીએ મિની રોકેટને ઉદ્યોગમાં સ્થાનાંતરિત કરવા માટે બિડિંગ રૂટ પર જવાનું નક્કી કર્યું છે. અમે એસએસએલવીને સંપૂર્ણપણે ખાનગી ક્ષેત્રને ટ્રાન્સફર કરીશું. ગયા વર્ષે ઓગસ્ટમાં એસએસએલવીની પ્રથમ ઉડાન બીજા તબક્કાના વિભાજન દરમિયાન 'ઈક્વિપમેન્ટ બે ડેક' પર સંક્ષિપ્ત વાઈબ્રેશન ડિસ્ટર્બન્સને કારણે વિક્ષેપિત થઈ હતી.

ઈસરોએ ખામીનું સંપૂર્ણ વિશ્લેષણ કર્યું અને સુધારાત્મક પગલાં લીધા અને પછી ફેબ્રુઆરીમાં

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હી અંગે વટહુકમ મામલે કેન્દ્રને સુપ્રીમની નોટિસ, કેજરીવાલને રાહત

### કેન્દ્ર સરકારના વટહુકમ મામલે સુપ્રીમનો ચુકાદો : દિલ્હી સરકારને ઉપરાજ્યપાલને પક્ષકાર તરીકે સામેલ કરવા માટેની અરજીમાં સુધારો કરવાની મંજુરી અપાઈ

નવી દિલ્હી, તા.૧૦

આજે સુપ્રીમ કોર્ટે દિલ્હીમાં કેન્દ્ર સરકારના વટહુકમ મામલે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કેન્દ્ર સરકારના વટહુકમ વિરુદ્ધ દિલ્હી સરકારની અરજી પર આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી, જેમાં કોર્ટે કેન્દ્ર સરકારને નોટીસ પાઠવી છે. કોર્ટે દિલ્હીમાં લવાયેલા વટહુકમ મામલે કેન્દ્ર સરકારને ૨ અઠવાડિયામાં જવાબ રજુ કરવા આદેશ કર્યો છે. ઉપરાંત ઉપરાજ્યપાલને પક્ષકાર તરીકે સામેલ કરવાની અરજીમાં સુધારો કરવાની પણ મંજૂરી આપી છે. ચીફ જસ્ટિસ ડી.વાય.ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી ખંડપીઠે આ અરજી પર સુનાવણી કરી છે, જેમાં જસ્ટિસ પી.એસ.નરસિમ્હા પણ આ ખંડપીઠનો એક ભાગ હતા.

● અનુસંધાન પાન-૭ પર

PANGHAT Kala Kendra
SINCE 2001
NAVRATRI SPECIAL
DATE : 17 July 2023
TIME : 6:00 pm
ENTRY ONLY FOR FEMALE AGE GROUP 12 and above
ગાંધીનગર અને ગુજરાતમાં વર્ષોથી ગુજરાતી કલા સંસ્કૃતિ માટે સમર્પિત સંસ્થા પનઘટ કલા કેન્દ્ર દ્વારા
ગરબા ક્લાસીસ
22 વર્ષનો અનુભવ



- રાજ્ય કક્ષાના પ્રાચીન-અર્વાચીન ગરબામાં પ્રથમ વિજેતા
- આ ગરબા ક્લાસીસમાં જોડાનાર યોગ્ય યુવતીઓને સરકારશ્રીનાં ભવ્ય વાઈબ્રન્ટ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવાની તક
- તાલીમને અંતે સંસ્થા દ્વારા પ્રમાણપત્ર

ભવ્યા ભટ્ટ : ૮૨૩૮૦ ૪૪૮૯૫ | જીલ જોષી : ૯૩૧૬૧ ૮૯૧૨૭
આયોજક : શ્રી ભાવિન પટેલ (ક્રિએટીવ શૉ-ડીરેક્ટર, સ્થાપક-પ્રમુખ, પનઘટ કલા કેન્દ્ર, ગાંધીનગર.)
(સંસ્કાર વિભૂષણ સન્માન, કલા ગુરુ સન્માન, ગુજરાત લોકકલા ફાઉન્ડેશન નેશનલ એવોર્ડ, ધ્રુવ કલા એવોર્ડ)
Shop No. B-212, 2nd floor, The Landmark, Opp. Spicy Street, Kudasan, Gandhinagar.